પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક : ૩૧ કુલ પાના : ૪ તારીખ : ૨૬-૦૯-૨૦૨૪ ગુરુવાર કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કાશ્મીર ખીણની ૧૫ અને જમ્મુ વિભાગની ૧૧ બેઠકો પર મતદાન થયું , ૨૩૯ ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં સીલ



શ્રીનગર

જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં ૨૬ બેઠકો માટે આજે કાશ્મીર ખીણની ૧૫ અને જમ્મુ વિભાગની ૧૧ બેઠકો પર મતદાન થયું હતું મતદારોએ કુલ ૨૩૯ ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં સીલ કરી દીધું છે મતદાન દરમિયાન કોઈ પણ અપ્રિય બનાવ બનવા પામ્યો ન હતો અને મતદારોએ ભારે ઉત્સાહ સાથે મતદાન કર્યું હતું. ૨૬ બેઠકો માટે સરેરાશ ૬૩ ટકા જેટલું મતદાન થયું છે શ્રીનગર જિલ્લામાં સૌથી વધુ આઠ બેઠકો પર બીજા રાઉન્ડમાં મતદાન થયું. આ પછી, રિયાસીમાં છ, બડગામમાં પાંચ, રિયાસી અને પૂંચમાં ત્રણ-ત્રણ અને ગાંદરબલમાં બે બેઠકો પર મતદાન થયું છે સાંજે ૫ વાગ્યા સુધી જમ્મુ-કાશ્મીરમાં ૫૪.૦૦ ટકા મતદાન થયું હતું. સૌથી વધુ ૭૧.૮૧ ટકા મતદાન રિયાસી જિલ્લામાં અને સૌથી ઓછું ૨૭.૩૧ ટકા મતદાન શ્રીનગર જિલ્લામાં નોંધાયું હતું. આ પહેલા ૧૮ સપ્ટેમ્બરે યોજાયેલા પ્રથમ તબક્કામાં ૬૧.૩૮ ટકા મતદાન થયું હતું. સૌથી વધુ ૮૦.૨૦ ટકા મતદાન કિશ્તવાડ જિલ્લામાં અને સૌથી ઓછું મતદાન પુલવામા જિલ્લામાં ૪૬.૯૯ ટકા નોંધાયું હતું.

મતદાન દરમિયાન વિદેશી પ્રતિનિધિમંડળે ઓમપોરા (બડગામ)માં મતદાન મથકોની મુલાકાત લીધી હતી, ત્યારબાદ લાલ ચોક મતવિસ્તારમાં અમીરા કદલ અને એસપી કોલેજ, ચિનાર બાગ ખાતે સ્ટોપઓવર કર્યું હતું. એસપી કોલેજ ખાતે પ્રતિનિધિઓને ખાસ ગુલાબી મતદાન મથકની મુલાકાત લેવાની તક મળી જેનું સંપૂર્ણ સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આજે જે ઉમેદવારોના ભાવિનો નિર્ણય થયો છે તેમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા, જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તારિક હમીદ કારા અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા રવિન્દ્ર રૈનાનો સમાવેશ થાય છે. મેંધરના ગુરસાઈ વિસ્તારમાં મતદાન કેન્દ્ર નંબર ૭૧ પર અથડામણના સમાચાર છે, પથ્થરમારાની ઘટનામાં એક મહિલા પોલીસ કોન્સ્ટેબલ ઘાયલ થઈ છે. ઘાયલ કોન્સ્ટેબલને તાત્કાલિક સબ ડિવિઝનલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી છે. મતદાન દરમિયાન આ અપ્રિય ઘટના બાદ સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી હતી. પોલીસ પ્રશાસન મામલાની તપાસમાં વ્યસ્ત થઈ ગયા હતાં અને પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન અંગે મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે દિલ્હીમાં કહ્યું, ’લોકો મોટી સંખ્યામાં મતદાન કરવા માટે બહાર આવી રહ્યા છે. અમે ખૂબ જ ખુશ છીએ કે સમગ્ર ખીણ અને જમ્મુમાં ઉત્સાહ સાથે મતદાન થઈ રહ્યું છે. શ્રીનગરની ખીણ હોય કે ઉંચી પહાડી શિખરો જ્યાંથી વિક્ષેપના કોલ આવી રહ્યા હતા, દરેક જગ્યાએ લોકો મતદાન કરવા બહાર આવી રહ્યા છે. જે વિસ્તારોમાં બહિષ્કારની હાકલ હતી ત્યાં પણ મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જમ્મુ અને કાશ્મીરમાં શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે ચૂંટણી કેવી રીતે યોજવામાં આવે તે વિશ્વને જોવાનું છે. વિધાનસભાની ચૂંટણીને નિહાળવા માટે મોટી સંખ્યામાં રાજદ્વારીઓ પણ આ વિસ્તારમાં છે.

જમ્મુ અને કાશ્મીરના બડગામમાં ચરાર-એ-શરીફ વિધાનસભા મતવિસ્તારના પીડીપી ઉમેદવાર ગુલામ નબી લોન હંજુરાએ કહ્યું, ’અહીં ખૂબ સારું વાતાવરણ છે. લોકો છેલ્લા ૧૦ વર્ષથી આ ચૂંટણીની રાહ જોઈ રહ્યા હતા. લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભાજપના ઉમેદવાર બલદેવ રાજ શર્માએ માતા વૈષ્ણોદેવી વિધાનસભા ક્ષેત્રમાંથી પોતાનો મત આપ્યો.

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં બીજા તબક્કાના મતદાનના અવસર પર પીએમ મોદીએ પોસ્ટ કર્યું, ’જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી માટે આજે બીજા તબક્કાનું મતદાન છે. હું તમામ મતદારોને અપીલ કરું છું કે તેઓ પોતાનો મત આપે અને લોકશાહીને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે. આ પ્રસંગે, પ્રથમ વખત મતદાન કરવા જઈ રહેલા તમામ યુવા મિત્રોને મારા અભિનંદન!

ભાજપ ૨૬માંથી કુલ ૧૭ બેઠકો પર ચૂંટણી લડી રહી છે, જેમાં જમ્મુની ૧૧ અને કાશ્મીરની ૬ બેઠકોનો સમાવેશ થાય છે. નેશનલ કોન્ફરન્સ ૨૬માંથી ૨૦ સીટો પર ચૂંટણી લડી રહી છે, જેમાં જમ્મુની ૬ અને કાશ્મીરની ૧૪ સીટો છે. કોંગ્રેસ ૨૬માંથી ૬ સીટો પર અને પીડીપી ૨૬માંથી ૨૪ સીટો પર ચૂંટણી લડી રહી છે.

મતદાન દરમિયાન મતદારોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો કેટલાક મતદાન મથકો પર મતદાન શરૂ થાય તે પહેલા લાઈનો લાગેલી જોવા મળી હતી મહિલાઓએ પણ મતદાન કર્યું મતદાન દરમિયાન કેટલાક મતદાન કેન્દ્રો પર ઈવીએમ મશીન બંધ થવાની ફરિયાદો જોવા મળી હતી જો કે તાકિદે મશીન બરાબર કરીને ફરી મતદાન શરૂ કરાવવામાં આવ્યું હતું. સવારે મતદાનની ટકાવારી ઝડપી હતી અને બપોર બાદ મતદાન ધીમુ રહ્યું હતું. ત્યારબાદ મતદાન પુરૂ થવાના એક કલાક પહેલા મતદાન મથકો પર લાઈનો જોવા મળી હતી મતદાનનો સમય પુરો થઈ ગયો હોવા છતાં મતદારો મતદાન મથકોની અંદર લાઈનમાં ઉભા હોવાથી તેમને મતદાન કરવાની છુટ આપવામાં આવી હતી.

## ’ગીર રક્ષિત વિસ્તાર’ના આજુબાજુનો કુલ ૧.૮૪ લાખ હેક્ટર વિસ્તાર ‘ઈકો-સેન્સિટિવ ઝોન’ ઘોષિત



ગાંધીનગર

ગુજરાતના ગૌરવ સમાન ‘એશિયાઈ સિંહ’ વર્ષોથી એશિયા ખંડમાં માત્ર સૌરાષ્ટ્ર વિસ્તારના ‘ગીર રક્ષિત વિસ્તાર’માં વસવાટ કરતા જોવા મળે છે ત્યારે આ સિંહો તેમજ વન્ય પ્રાણીઓના જતન માટે રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. એશિયાઈ સિંહોના રક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્ર તેમજ ગુજરાત સરકાર દ્વારા ટેકનોલોજીની મદદથી સતત અનેકવિધ નવીન પ્રકલ્પો હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારના વિશેષ પ્રયાસોથી કેન્દ્ર સરકાર દ્વારા ‘ગીર રક્ષિત વિસ્તાર’ના આજુબાજુનો કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારને ‘ઈકો-સેન્સિટિવ ઝોન’ જાહેર કરવા માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ છે. આ જાહેરનામા મુજબ અભયારણ્યથી જાહેર થયેલ ઈકો-સેન્સિટિવ ઝોન વિસ્તારનું અંતર બાબતે સૌથી ઓછામાં ઓછુ ૨.૭૮ કિ.મી. અને વધુમાં વધુ ૯.૫૦ કિ.મી. રાખવામાં આવ્યું છે. તેમ,વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં જોવા મળતા એશિયાઈ સિંહ સહિત દેશભરમાં પ્રાણીઓના રક્ષણ અને સંવર્ધન માટે વિવિધ કાયદા અમલી બનાવ્યા છે તેમ, જણાવી વન મંત્રી મુળુભાઈએ કહ્યું હતું કે, નવીન ‘ઈકો-સેન્સિટિવ ઝોન’ વિસ્તારમાં કુલ ૧૭ નદીઓના રીવર કોરીડોર અને સિંહોના અવર-જવર વાળા ૪ મહત્વના કોરીડોરને આવરી લેવામાં આવશે. વધુમાં ગીર રક્ષીત વિસ્તારની આજુબાજુ જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ, વિસાવદર, માળીયા હાટીના અને મેંદરડા તાલુકાના મળી કુલ-૫૯ ગામો, અમરેલી જિલ્લાના ધારી, ખાંભા અને સાવરકુંડલા તાલુકાના મળી કુલ-૭૨ ગામો તથા ગીર-સોમનાથ જિલ્લાના ઉના, ગીર-સોમનાથ, કોડીનાર અને તાલાલા તાલુકાના મળી કુલ-૬૫ ગામો એમ આ ત્રણેય જિલ્લાના કુલ-૧૯૬ ગામોના ૨૪,૬૮૦.૩૨ હેક્ટર વન વિસ્તાર તથા ૧,૫૯,૭૮૫.૮૮ હેક્ટર બિન-જંગલ વિસ્તાર એમ મળી કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારનો સમાવેશ થશે. આ વિસ્તારનો ઈકો-સેન્સિટિવ ઝોનમાં સમાવેશ થવાથી આ વિસ્તારમાં વિહરતા સિંહ પરિવારોને વિશેષ રક્ષણની સાથે અત્યાર સુધી ગીર રક્ષીત વિસ્તારની હદથી ૧૦ કિલોમીટરની ઈકો-સેન્સીટીવ ઝોન વિસ્તારની હદમાં આ નવા ઈકો-સેન્સીટીવ ઝોનમાં ઘટાડો થવાથી સ્થાનિકે અન્ય વિકાસલક્ષી પ્રવૃત્તિઓને વધુ વેગ મળશે તેમ, મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, ગુજરાતમાં સિંહ અને વન્યપ્રાણીઓ માટે ગીર નેશનલ પાર્ક, ગીર, પાણિયા અને મિતિયાળા અભયારણ્યનો કુલ-૧,૪૬૮.૧૬ ચો.કિ.મી. વિસ્તાર આરક્ષિત કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર અને નામદાર સુપ્રિમકોર્ટની ગાઈડલાઈન-નિયમ મુજબ આ રક્ષિત વિસ્તારની ફરતે ‘ઈકો-સેન્સિટિવ ઝોન’ જાહેર કરવાનો થતો હોય છે, જે રક્ષિત વિસ્તારને ઈકો-સેન્સિટિવ ઝોન જાહેર ન થાય ત્યાં સુધી ગાઈડલાઈન મુજબ રક્ષિત વિસ્તારની ફરતે ૧૦ કિ.મી. ઈકો-સેન્સિટિવ ઝોન અમલમાં રહે છે. જેથી અત્યાર સુધી આ વિસ્તારને ફરતે ૧૦ કિ.મી. સુધી ઈકો-સેન્સિટિવ ઝોન અમલમાં હતો. સિંહોના રક્ષણ માટે ગીર નેશનલ પાર્ક, ગીર, પાણિયા અને મિતિયાળા અભયારણ્યના ઈકો-સેન્સિટિવ ઝોન જાહેર કરવાની રાજ્યના વન વિભાગ દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત સાદર કરવામાં આવેલ હતી. આ દરખાસ્તને ગ્રાહ્ય રાખી ભારત સરકાર દ્વારા તાજેતરમાં ઈકો-સેન્સિટિવ ઝોનનું પ્રાથમિક જાહેરનામુંપ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## શાળાઓમાં બાળકોની જાતીય સતામણીની ઘટનાઓ પર કડક, રાજ્યોએ કેન્દ્રની માર્ગદર્શિકા લાગુ કરવી જોઈએ

નવીદિલ્હી

બાળકોની જાતિય સતામણીની ઘટનાઓ પર સુપ્રીમ કોર્ટે ફરી એકવાર કડક વલણ દાખવ્યું છે. મહારાષ્ટ્રના બદલાપુર સહિત દેશની ઘણી શાળાઓમાં બાળકોની જાતીય સતામણીની તાજેતરની ઘટનાઓને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાની નકલ તમામ રાજ્યોના મુખ્ય સચિવોને તેના અમલ માટે મોકલવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમામ રાજ્યોએ કેન્દ્રની માર્ગદર્શિકાનો અમલ કરવો જોઈએ.કોર્ટે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સને રાજ્યો દ્વારા માર્ગદર્શિકાના અમલીકરણ પર દેખરેખ રાખવા જણાવ્યું હતું.એનસીપીસીઆરને સ્ટેટ સ્ટેટસ રિપોર્ટ પણ સુપરત કર્યો.

તમને જણાવી દઈએ કે ૧ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ કેન્દ્ર સરકારે શાળાઓમાં બાળકોની જાતીય સતામણી અંગે માર્ગદર્શિકા બનાવી છે. એનજીઓ બચપન બચાવો આંદોલને દેશભરની શૈક્ષણિક સંસ્થાઓમાં બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા લાગુ કરવા કોર્ટ પાસે માંગ કરી છે. ઓક્ટોબર ૨૦૨૧માં કેન્દ્ર સરકારે બાળકોની સુરક્ષાને લઈને અનેક માર્ગદર્શિકા બહાર પાડી હતી. જેમાં શાળામાં સ્ટાફની ચકાસણી, શાળામાં સીસીટીવી કેમેરાનું મોનીટરીંગ, શિક્ષકો અને વાલીઓની મીટીંગ અને નિયમિત અંતરે સુરક્ષા માપદંડોની ચકાસણીનો સમાવેશ થાય છે. કોર્ટે હવે આ માર્ગદર્શિકાને સમગ્ર રાજ્યમાં લાગુ કરવાનો નિર્દેશ આપ્યો છે.

એનજીઓએ આરોપ લગાવ્યો છે કે માત્ર પાંચ રાજ્યો (પંજાબ, જમ્મુ અને કાશ્મીર, મધ્યપ્રદેશ, મિઝોરમ, દમણ અને દીવ) બાળકોની સુરક્ષા અંગે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાનું પાલન કરે છે. બાકીના રાજ્યોએ કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાનું સહેજ પણ પાલન કર્યું નથી.

## ગુજરાતના લોકો શાંતિપૂર્ણ રીતે નવરાત્રિ પર્વ ઉજવી શકે તેવા પ્રયાસ કરવામાં આવશે, રાજ્ય પોલીસ વડા

અમદાવાદ

નવરાત્રિ મુદ્દે રાજ્ય પોલીસ વડા ડીજીપી વિકાસ સહાયનું નિવેદન સામે આવ્યું. પોલીસ વડા ડીજીપીએ જણાવ્યું કે નવરાત્રિ શરૂ થવાને હવે થોડા જ દિવસો બાકી છે. પોલીસ પણ નવરાત્રિને લઈને વધુ સતર્ક બની છે. ડીજીપીએ યુવાનોના મનગમતા આ તહેવારમાં અનિચ્છનીય બનાવો ના બને માટે પૂરતું ધ્યાન રાખવામાં આવશે. નવરાત્રિ તહેવારને લઈને પોલીસ સલામતી અને સુરક્ષા માટે કટિબદ્ધ છે. ગરબાના સ્થળો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ સાથે ડીજીપીએ ગરબા આયોજકોને પણ નિયમોના પાલન માટે સૂચના આપી છે. ગુજરાતના લોકો શાંતિપૂર્ણ રીતે નવરાત્રિ પર્વ ઉજવી શકે તેવા પ્રયાસ કરવામાં આવશે તેમ ડીજીપી દ્વારા જણાવવામાં આવ્યું.

મહત્વનું છે કે નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી છે. આગામી ૩ ઓક્ટોબરથી યુવાનોનો મનપસંદ નવરાત્રિ તહેવાર શરૂ થશે. આખુ વર્ષ ખૈલેયાઓ આ તહેવારની રાહ જોતા હોય છે. ૯ દિવસ ચાલતા આ પર્વમાં રાત્રે ગરબા અને દાંડિયાની રમઝટ ચાલતી હોય છે. રાજ્યમાં અનેક સ્થાનો પર પાર્ટી પ્લોટ અને મોટી કલબોમાં ગરબાનું આયોજન થતું હોય છે. પ્રખ્યાત ગાયકોની ગાયકીના તાલે ગરબાનો આનંદ લેવાતો હોય છે. સોસાયટીઓ, કલબ અને પાર્ટી પ્લોટમાં રાત્રે ચાલતા ગરબાના આનંદમાં રંગમાં ભંગ ના પડે માટે પોલીસ સુરક્ષાને લઈને વધુ સર્તક બની છે. ખાસ કરીને મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ખાસ સુરક્ષા વ્યવસ્થા માટે ફૂલપ્રૂફ એક્શન પ્લાન તૈયાર કર્યો છે. છેલ્લા ઘણા સમયથી મહિલા સાથે દુઃખદ ઘટનામાં વધારો થયો છે. આથી રોમિયોગીરી કરતા નબીરાઓ કોઈ યુવતી કે મહિલાની છેડતી ના કરે માટે ગરબા આયોજકોને પાર્કિંગ અને આસપાસના ડાર્ક સ્પોટ પર લાઈટો ફરજિયાત લગાવવાની સૂચના આપી છે. આ ઉપરાંત વધુ ગરબા ગ્રાઉન્ડ પર જવાના રસ્તા પર આવતી દુકાનો અને રેસ્ટોરન્ટ પર સીસીટીવી લગાવવાના આદેશો આપ્યા છે.

## તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદ વિવાદ, ઘી સપ્લાય કરનાર વ્યક્તિ વિરુદ્ધ એફઆઈઆર

તિરુપતિ

તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ એટલે કે ્ઢ બોર્ડે આંધ્રપ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરમાં શ્રદ્ધાળુઓને આપવામાં આવતા ’પ્રસાદમ’માં કથિત ભેળસેળના મામલે સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ નોંધાવી છે. અહેવાલો અનુસાર, ટીટીડીના જનરલ મેનેજર (પ્રોક્યોરમેન્ટ) પી. મુરલી કૃષ્ણાએ પૂર્વ પોલીસ સ્ટેશન, તિરુપતિમાં એઆર ડેરી ફૂડ પ્રાઈવેટ લિમિટેડ, ડિંડીગુલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. અગાઉ, સરકારે વરિષ્ઠ પોલીસ અધિકારી શ્રેષ્ઠ ત્રિપાઠીના નેતૃત્વમાં એક જીૈંની રચના કરી છે જે ભેળસેળના કેસની તપાસ કરશે.

વિશ્વ પ્રસિદ્ધ તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં ભેળસેળને લઈને સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ પણ દાખલ કરવામાં આવી છે. આ પીઆઈએલ ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરવામાં આવી હતી. સુબ્રમણ્યમ સ્વામીએ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ દ્વારા કરવામાં આવેલા ભેળસેળના આરોપોની તપાસની માંગ કરી હતી. તમને જણાવી દઈએ કે આંધ્ર પ્રદેશના સીએમ ચંદ્રબાબુ નાયડુએ તાજેતરમાં એનડીએ વિધાનસભ્ય દળની બેઠક દરમિયાન તિરુપતિ બાલાજી મંદિરના પ્રસાદમાં પશુઓની ચરબીની ભેળસેળનો આરોપ લગાવ્યો હતો. જો કે પૂર્વ મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ તેને રાજકીય નિવેદન ગણાવ્યું હતું.

દેશના સૌથી ધનાઢ્ય મંદિરનું સંચાલન કરતા બોર્ડે શુક્રવારે ખુલાસો કર્યો હતો કે તેને ગુણવત્તા પરીક્ષણ માટે મોકલવામાં આવેલા નમૂનાઓમાં હલકી ગુણવત્તાની ઘી અને પ્રાણીની ચરબીની ભેળસેળ મળી છે. લાડુમાં પશુઓની ચરબીની ભેળસેળનો દાવો કરતા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુએ કર્યું હતું. આ મુદ્દે અગાઉની વાયએસઆર કોંગ્રેસ પાર્ટી સરકારને દોષી ઠેરવ્યા બાદ પૂર્વ મુખ્યમંત્રી વાયએસ જગનમોહન રેડ્ડીએ તેને ડાયવર્ઝનની રાજનીતિ અને બનાવટી વાર્તા ગણાવી હતી.

## ગુજરાતમાં ફરીવાર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ, મોડી રાત્રે એન્જીન અથડાયું, અધિકારીઓ દોડતા થઈ ગયા



અમદાવાદ

રાજ્યમાં ટ્રેન ઉછલાવવાના પ્રયાસો વધી રહ્યા હોય તેમ જોવા મળી રહ્યું છે. જેમાં ગતમોડી રાત્રીના પણ ફરી એકવાર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં કુંડલી ગામ નજીકની આ ઘટના સર્જાઇ હતી.મળતી માહિતી મુજબ બોટાદના કુંડલી ગામ નજીક રેલ્વે ટ્રેક પર અજાણ્યા ઈસમો દ્વારા ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્યારે આ ઘટનાને લઇ રેલ્વે બોટાદ એસપી ડીવાયએસપી રેલ્વે અધિકારીઓ, રેલ્વે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. વધુમાં આ બાબતે બોટાદના એસપી કે એફ બળોલીયાએ જણાવ્યુ હતુ કે બોટાદ જિલ્લાના રાણપુર પો.સ્ટે હદમાં ઓખા-ભાવનગર ટ્રેન જતી હતી તે દરમિયાન કોઈએ ટ્રેનના પાટાની વચ્ચે ૪ ફૂટનો લોખંડનો ટૂકડો રેલની પટરીની વચ્ચે ઉભો કરી દીધો હતો. ટ્રેનના એન્જીન સાથે ટુકડો અથડાતા ટ્રેન ઉભી રહી ગઈ હતી. સમગ્ર ઘટનાની જાણ થતા એલસીબી, એસઓજી સહિત પોલીસતંત્ર દ્વારા બનાવ કઈ રીતે બન્યો તેની તપાસ આદરી દેવામાં આવી છે.પોલીસ તથા રેલ્વે ટીમ દ્વારા તપાસ કરવામાં આવતા રેલ્વે પાટા પરથી લોખંડના ટુકડા મળ્યા હતા. જે ટ્રેનના એન્જીન સાથે અથડાવાના કારણે ટ્રેનનું એન્જીન બંધ થયું હતું. ત્યારે ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો હોય તેવી આશંકાએ તપાસ હાથ ધરવામાં આવી છે. આ બાબતે એસપી, ડીવાયએસપીએ વધુ તપાસ હાથ ધરી છે.

## ડાકોરના રણછોડજી મંદિરના પ્રસાદ પર હવે સવાલો ઉઠ્યા, લાડુના પ્રસાદની તપાસ કરવા માંગ કરાઈ



ડાકોર

ખેડાઃ તિરુપતિ મંદિર પ્રસાદના વિવાદ બાદ હવે ગુજરાતમાં આવેલું ડાકોરના મંદિરમાં વિવાદ ઉભો થયો છે. ડાકોરના રણછોડજી મંદિરના પ્રસાદ પર હવે સવાલો ઉઠ્યા છે. જેમાં મંદિરના પુજારી દ્વારા જ ભકતોને અપાતા લાડુના પ્રસાદની તપાસ કરવા માંગ કરાઈ છે. ડાકોરના રણછોડરાયજી મંદિરના પૂજારીએ ભકતોને આપવામાં આવતા લાડુના પ્રસાદની યોગ્ય તપાસ થાય તેવી માગ કરતા ખળભળાટ મચ્યો છે. આશિષ સેવકે સોશિયલ મીડિયામાં પ્રસાદીનો વીડિયો અપલોડ કરીને કહ્યું- અગાઉ મહિનાઓ સુધી પ્રસાદ રહેતો હવે ૩થી ૪ દિવસમાં બગડી જાય છે.

જેવી રીતે તિરૂપતિ બાલાજીના મંદિરના પ્રસાદની તપાસ થઈ તેવી જ રીતે ડાકોર મંદિરના પ્રસાદની તપાસ થવી જોઈએ. આ અમે નથી કહેતા. પરંતુ ખુદ ડાકોર રણછોડજી મંદિરના પૂજારી આશિષ સેવક કહી રહ્યા છે. મંદિરમાં અપાતી લાડુની પ્રસાદીની યોગ્ય તપાસ થાય તેવી પૂજારીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને માગ કરી છે. પોસ્ટ મૂકી કોમેન્ટ બોક્સમાં લાડુ પ્રસાદીનો વિડીયો પણ અપલોડ કરવામાં આવ્યો છે. લાડુનો પ્રસાદ પહેલા મહિનાઓ સુધી સારો રહેતો હતો પરંતુ હવે ત્રણથી ચાર જ દિવસમાં લાડુ પ્રસાદ બગડી જાય છે. પૂજારીએ કરેલી પોસ્ટથી અનેક ચર્ચાઓ શરૂ થઈ છે.નોંધનીય છે કે ગુજરાતમાં આવેલું ડાકોરનું મંદિર તેના નામથી જ જાણીતું છે. તેને કોઈ અન્ય ઓળખની જરૂર નથી. અહીં ભગવાન રણછોડરાયજીને ધરાવવામાં આવતા ભોગ પ્રસાદનો વિવાદ વકર્યો છે. તમને જણાવી દઈએ કે તિરુપતિ મંદિરના લાડુના પ્રસાદમાં મિલાવટના મુદ્દાની ચર્ચા દેશભરમાં ચાલી રહી છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર રણછોડરાયજી મંદિર ખાતે વિતરણ કરવામાં આવતા પ્રસાદ વિશે પણ તપાસ હાથ ધરાઈ રહી છે. જેમાં ડાકોર રણછોડરાયજી મંદિરના મેનેજર દ્વારા મંદિરમાં બનાવાતા લાડુનો પ્રસાદ શુદ્ધ સામગ્રી અને શુદ્ધ ઘીમાંથી બનાવવામાં આવતો હોવાનું જણાવાયું હતું. લાડુનો પ્રસાદ વર્ષોની પ્રણાલિકા મુજબ ખાસ પ્રક્રિયાથી બનાવવામાં આવે છે. જેમાં પૂરતી તપાસ અને તકેદારી રાખવામાં આવતી હોવાનું પણ જણાવ્યું હતું.

## અમદાવાદમાં જેલમાંથી પ્રતિબંધિત વસ્તુઓ ઝડપાઈ, કાર્યવાહી કરવામાં આવી



અમદાવાદ

અમદાવાદમાં જેલમાંથી પ્રતિબંધિત વસ્તુઓ ઝડપાઈ છે. ભંગારનો સામાન લેવા આવેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ચાર લોકો પાસેથી તમાકુ અને મોબાઈલ મળી આવ્યા છે. પોલીસે ચાર જણા સામે ફરિયાદ નોંધાવી છે. અમદાવાદમાં સાબરમતી જેલમાંથી પ્રતિબંધિત વસ્તુઓ મળી આવવાની બાબત નવી નથી. થોડો સમય વીત્યો નથીને આ પ્રકારના બનાવ સામે આવ્યા વગર રહેતા નથી. દર વખતે પોલીસ કાર્યવાહી કરતી હોવા છતાં પણ આ પ્રકારની વસ્તુઓ મળી આવે છે.

આ પહેલા સરકારે આકરી કાર્યવાહી કરતાં રાજ્યની સત્ર જિલ્લાની સેન્ટ્રલ જેલમાં ગૃહ વિભાગની સીધી સૂચનાથી બોડી બોન્ડ કેમેરા સાથે ૧૭૦૦ જેટલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા મોડી રાત્રે દરેડા પાડવામાં આવ્યા હતા. સવાર સુધી આ કામગીરી યથાવત રાખવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર રીતે આંકડો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ૧૭ જિલ્લાની જેલમાં સર્ચ ઓપરેશન દરમિયાન ૧૬ મોબાઈલ, ૧૦ ઈલેક્ટ્રીક ચીજવસ્તુ, ૩૯ ઘાતક સમાન તેમજ ૩ જગ્યાએ માદક પદાર્થો મળી આવ્યા છે.

રાજ્યની દરેક જેલમાંથી ગેરકાયદેસર વસ્તુઓને નાબૂદ કરવા માટે જ રેઈડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ જેલમાં માનવ ગરીમાં દાખવીને કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે જેલમાં કેદીઓને મળવાપાત્રની જરૂરી સુવિધાઓ યોગ્ય રીતે મળી રહે તે બાબતે પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ કામગીરી અંતર્ગત કેદીઓ સાથે વાતચીત કરીને કેદીઓનું કાઉન્સિલિંગ પણ કરવામાં આવ્યું હતું.તમામ જેલોમાં એક સાથે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. તે પૈકી મોટી જેલોમાં સવાર સુધી સર્ચ ચાલ્યું હતું. જેમાં સીએમ ભુપેન્દ્ર પટેલની સૂચના આધારે રાજ્યની તમામ જેલમાં સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવ્યું હતું. તારીખ ૨૪ માર્ચના મોડી સાંજે હ્રૈં ઓફિસથી રાજ્યગૃહપ્રધાન હર્ષ સંઘવીએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ જિલ્લાના પોલીસ વડા તથા તમામ જેલના વડાઓ ઓનલાઈન જોડ્યા બાદ રાજ્યની ૧૭ જેલોમાં એક સાથે મેગા સરપ્રાઈઝ ચેકીંગ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

## વડોદરાની એમએસ યુનિ.માં વિદ્યાર્થીનો આપઘાત! પોલીસને હાથ લાગી સુસાઈડ નોટ

વડોદરા

વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયેકવાડ યુનિવર્સિટીનું નામ આજે ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. હંમેશાથી શિક્ષણના ધામ તરીકે ખુબ નામાંકિત રહેલી આ સંસ્થા આજે વિવાદોના ઘેરામાં ઘેરાઈ છે. કારણ છે એક વિદ્યાર્થીનું મોત. જીહાં વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં એક વિદ્યાર્થીએ આપઘાત કરતા હાલ સમગ્ર મામલો ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે. વડોદરાની એમએસ યુનિ.માં વિદ્યાર્થીનો આપઘાત કર્યો છે. સાયન્સ ફેકલ્ટીમાં ભણતા ૧૮ વર્ષીય સ્ટુડન્ટે ગળેફાંસો ખાઈ લીધો છે. સુસાઈડ નોટમાં લખ્યું- કોઈનો વાંક નથી, મારી જાતે પગલું ભર્યું છે.

વિદ્યાર્થીએ ક્યાં કારણોસર આપઘાત કર્યો તે હજી જાણી શકાયું નથી. આ બનાવ અંગે ફતેગંજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે તપાસ કરતા સુસાઈડ નોટ મળી આવી છે. પોલીસે જણાવ્યું હતું કે તેણે સુસાઈડ નોટમાં લખ્યું છે કે, કોઈનો વાંક નથી, મેં મારી જાતે આ પગલું ભર્યું છે. આ અંગે પોલીસ હાલમા તપાસ કરી રહી છે.

આ બનાવ અંગે ફતેગંજ પોલીસને જાણ કરતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકના મૃતદેહનો કબજો લઈ તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. જ્યાં આ ૧૮ વર્ષીય યુવકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે અને ત્યારબાદ તેના મૃતદેહને પરિવારજનોને સોંપવામાં આવશે. આ યુવક મૂળ પોરબંદરનો હોવાનું સામે આવ્યું છે અને ક્યાં કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં હાલ પોલીસ તપાસ કરી રહી છે.

# લુણાવાડા પાલિકાના પુર્વ પ્રમુખ ભ્રષ્ટાચારના કેસમાં દોષી : ૪૬.૫૫ લાખ રૂપિયા વસુલવા આદેશ



લુણાવાડા,
નજીકના સમયમાં નગરપાલિકાઓની ચુંટણીઓ યોજાવાની છે. તેવા સમયે લુણાવાડા નગરપાલિકાના પુર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ વાય સોલંકી વિરુદ્ધ ભ્રષ્ટાચાર સાબિત થતા નગરમાં રાજકિય ગરમાવો જોવા મળ્યો હતો. લુણાવાડાની કોંગ્રેસ શાસિત નગરપાલિકાના પુર્વ પ્રમુખ દ્વારા સત્તાનો દુરૂપયોગ કરી નાણાંકિય નુકસાન કરવામાં આવતા પાલિકામાં પુર્વ પ્રમુખ વિરુદ્ધ પ્રાદેશિક કમિશનરની કચેરી દ્વારા કડક કાર્યવાહી કરાઈ છે.

લુણાવાડા નગરપાલિકાના પુર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ વાય સોલંકી દ્વારા નગરમાં નવા બનાવેલા ટાઉન હોલમાં બાંધકામ માટે ટેન્ડરની સમય મર્યાદા બાદ જુના સ્થળ મુજબ એજન્સીને નવા સ્થળ પરનો વર્ક ઓર્ડર આપી નાણાં ચુકવી ભ્રષ્ટાચાર કર્યો હોવાનુ સામે આવ્યુ છે. જે બાબતે પુર્વ પ્રમુખે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૪૫ અન્વયે મળેલ સત્તાનો દુરૂપયોગ કરી ૪૬ લાખથી વધુના સરકારી નાણાંનુ પાલિકાને નુકસાન કર્યુ હોવાનુ પણ સામે આવ્યુ છે. જેની પ્રાપ્ત માહિતી મુજબ મંજુર થયેલ સ્થળના માપ મુજબ ટાઉન હોલ બનાવવા ટેન્ડર પ્રક્રિયા માટે તમામ મંજુરીઓ બાદ પાલિકા દ્વારા બહાર પડાયેલા ટેન્ડર બાદ મંજુર થયેલ જમીન નહિ મળતા પુર્વ પ્રમુખે અન્ય સ્થળ પર ટાઉન હોલ બનાવવા ઠરાવ કરી અન્ય જમીનના માપ મુજબ કોઈપણ પ્રકારની મંજુરી મેળવ્યા વગર ટેન્ડરની સમય મર્યાદા પુર્ણ થઈ ગયા બાદ પણ જુના સ્થળ મુજબ એજન્સીને નવા સ્થળ પર ટાઉન હોલ બનાવવા વર્ક ઓર્ડર આપી નાણાં ચુકવી દીધા હતા. પાલિકાના ભાજપના પુર્વ સભ્ય તેમજ જિલ્લાના પુર્વ મહામંત્રી મુળજી રાણા દ્વારા આ મામલે યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવા પ્રાદેશિક કમિશનર કચેરી વડોદરા ખાતે અરજી કરાતા પુર્વ પ્રમુખ દ્વારા કરાયેલી ગેરરિતી મામલે પ્રાદેશિક કમિશનરની કોર્ટમાં સુનાવણી થતાં કમિશનર એસ.પી.ભગોરીએ આ મામલે પાલિકાને કરેલ નુકસાનની રકમ રૂ.૪૬,૫૫,૬૨૭/-પુર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ વાય સોલંકી પાસેથી હુકમના દિ-૩૦માં વસુલ કરવાનો હુકમ કર્યો છે. જો તેઓ નિયમ મુદ્દતમાં નાણાં સરકારમાં જમા નહિ કરાવે તો જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવા પુર્વ પ્રમુખ સામે પગલા લેવા અંગે પાલિકાના ચીફ ઓફિસરને આદેશ કરાયો છે.

# મહિસાગરનો કડાણા ડેમ ૧૦૦ ટકા ભરાતા હાઈએલર્ટ પર મુકાયો

દિવડાકોલોની,
ગુજરાતના ખેડુતો માટે જીવાદોરી સમાન કડાણા ડેમ ૧૦૦ ટકા સુધી ભરાઈ જતાં હાઈએલર્ટ મુકાયો છે. ડેમના ૯ ગેટ ખુલ્લા મુકી એક લાખ કયુસેક પાણી મહી નદીમાં છોડાયુ હતુ. રાજસ્થાનના બાંસવાડાના મહી બજાજ ડેમમાંથી સતત પાણી છોડાયુ છે. જેના કારણે પાણીની આવકમાં વધારો થતાં ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલ કડાણા ડેમ તેની મહત્તમ સપાટી ૪૧૯ ફુટ સુધી પહોંચતા હવે વધારાનુ પાણી નદીમમાં છોડાશે.



કડાણા ડેમના ઉપરવાસમાં આવેલ મહી બજાજ સાગર ડેમ સહિત કેચમેંટ વિસ્તારમાં પડી રહેલા વરસાદના પગલે કડાણા ડેમમાં ૫૫૦૦૦ કયુસેક પાણીની આવક જોવા મળી હતી. જેના પગલે કડાણા ડેમમાંથી ડેમના દરવાજા ખોલી એક લાખ કયુસેક પાણી છોડાયુ હતુ. મહી નદી ઉપર આવેલા રાજસ્થાનના એક અને ગુજરાતના બે બાંધ ૧૦૦ ટકા સંપુર્ણ સપાટી પર પહોંચતા બાંસવાડાથી ગુજરાતના ખંભાત સુધી મહી નદી બંને કાંઠે વહેતી જોવા મળી હતી. કડાણા બંધ જેની મહત્તમ સપાટી ૪૧૯ ફુટ છે જે સંપુર્ણ ભરાતા હાલ પ્રશાસન દ્વારા ડેમમાંથી પાણી છોડાતા મહિસાગરના ૧૦૬ અને ખેડાના ૩૭ ગામોને એલર્ટ કર્યા હતા. ગુજરાતના ૯ જિલ્લાના ખેડુતો માટે જીવાદોરી સમાન કડાણા ડેમ હવે ૧૦૦ ટકા ભરાઈ જતાં હાઈએલર્ટ પર મુકાયો છે.ત્યારે આગામી વર્ષે સિંચાઈ સહિત પીવાના પાણીનો લાભ લોકોને ડેમના પાણીથી પુરૂ પાડવામાં કોઈ સમસ્યા સર્જાશે નહિ.

# ‘‘સ્વચ્છતા હી સેવા’’ અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા

લુણાવાડા,
મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ સ્વચ્છ ભારત મિશન ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ‘‘સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અભિયાનનું આહ્વાન કર્યું છે.

જે અંતર્ગત લુણાવાડા નગરપાલિકા અને પી.એન.પંડ્યા કોલેજના NSS ગ્રુપના ૫૦ સ્વયંસેવકો દ્વારા દરકોલી તળાવની આજુબાજુ વનસ્પતિજન્ય કચરાનો અને અન્ય પ્લાસ્ટીક વેસ્ટનો સેગ્રીગેશન કરી કચરાનો નિકાલ કરવામાં આવ્યો, તેમજ મુખ્ય માર્ગ સ્વચ્છ કરવામા આવ્યો સાથે આજુબાજુના રહીશોને સ્વચ્છતા અંગે જાગૃત કરવામાં આવ્યા.



# મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના સરકારી માધ્યમિક શાળા ખાતે POCSO Act અને સાયબર સેફ્ટી અંગે જાગૃત્તિ સેમીનાર યોજાયો

મહીસાગર,
જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી મહીસાગર અને બાળ સુરક્ષા એકમ તથા જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી મહીસાગરના સંયુક્ત ઉપક્રમે મિશન વાત્સલ્ય અને બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત આજ રોજ POCSO Act, ગુડ ટચ બેડ ટચ તથા સાયબર સેફ્ટી અન્વયે જાગૃત્તિ સેમીનારનું આયોજન સેક્રેટરી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને સીનીયર સિવિલ જજ એમ.જી. બિહોલાના અધ્યક્ષસ્થાને કડાણા તાલુકાના સરકારી માધ્યમિક શાળા દિવડા ખાતે યોજાયો હતો.

સેમીનારમાં સંતરામપુર અને કડાણા તાલુકાની માધ્યમિક તથા ઉચ્ચતર માદયમિક શાળાઓના આચાર્ય અને શાળા દીઠ એક મહિલા શિક્ષિકાઓએ સેમીનારમાં ભાગ લીધેલ હતો. સેમિનારમાં સીનીયર સિવિલ જજ અને સેક્રેટરી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ એમ.જી. બિહોલા દ્વારા POCSO Act અને જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા સેમીનાર અન્વયે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું સાથે જ સેમિનારમાં મહિલા અને બાળ અધિકારી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની મહિલા કલ્યાણ અને સુરક્ષાને લગતી યોજનાઓ, સમાજ સુરક્ષા આધિકારી દ્વારા બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અને સમાજ સુરક્ષાને લગતી યોજનાઓ, બાળ સુરક્ષા અધિકારી દ્વારા બાળકોના અધિકારો અને બાળ સુરક્ષાની યોજનાઓ તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનથી ઉપસ્થિત પોલીસ અધિકારી દ્વારા સાયબર સેફટી, સોશિયલ મીડિયા અવેરનેશ અને શી ટીમ બાબતે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.



# મહિસાગર જિલ્લામાં ૧૩૧૬ આંગણવાડીઓ પૈકી ૨૯૯ આંગણવાડી જર્જરિત

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના ૧૩૧૬ આંગણવાડી પૈકી ૨૯૯ જર્જરિત આંગણવાડીઓ છે. તો ૧૬૯ ભાડાના મકાનમાં ચાલી રહી છે. તથા ૨૧૮ સ્થળો એવા છે કે, વૈકલ્પિક સુવિધા તરીકે અન્ય જગ્યા પર ચાલી રહી છે તો જર્જરિત મકાનોમાં ભણતર મેળવી રહ્યા છે.

મહિસાગર જિલ્લામાં આવેલુ ૧૩૧૬ આંગણવાડીમાં બાળકોનો ભણતરનો પાયો નંખાય છે. આ આંગણવાડીઓ પૈકી ૨૯૯ જર્જરિત હાલતમાં છે. જયારે ૮૮ કેન્દ્રો એવા છે કે આજદિન સુધી બન્યા જ નથી એટલે કેન્દ્રો ચાલુ છે પરંતુ પોતાના નથી. ત્યારે શાળાના શિક્ષણ પહેલા આંગણવાડીનુ શિક્ષણ ખુબ જ મહત્વનુ ગણાય છે. પાયાનુ શિક્ષણ મેળવતા નાના ભુલકાઓ જર્જરિત આંગણવાડી કેન્દ્રોમાં જીવના જોખમે બેસી અભ્યાસ મેળવી રહ્યા છે.૮૮ આંગણવાડી કેન્દ્રો પાસે પોતાનુ મકાન જ નથી. તો ૨૮૬ જેટલી આંગણવાડીઓ અન્ય જગ્યાએ કામચલાઉ રીતે ચાલી રહી છે. ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલતા આંગણવાડી કેન્દ્રો પૈકી જમીનના પ્રશ્ન ધરાવતા ૬૭ કેન્દ્રો છે. ૨૯૯ જર્જરિત આંગણવાડી કેન્દ્રની પરિસ્થિતિ એવી છે કે, કેટલીક આંગણવાડીઓની દિવાલોના પોપડા ઉખડી ગયા છે. તો કેટલીક આંગણવાડીઓની દિવાલો પર મસમોટી તિરાડો પડી ગઈ છે. આ પરિસ્થિતિમાં બાળકો જીવના જોખમે ભણતર મેળવી રહ્યા છે. ૧૬૯ આંગણવાડી ભાડાના મકાનમાં ચાલી રહી છે. જેનુ વાર્ષિક ભાડું સરકારલ લાખો રૂપિયા ચુકવી રહી છે. જો ભાડા ચુકવવાને બદલે સરકાર આંગણવાડીઓની મંજુરી આપી નવીન મકાન ઉભુ કરે તો ભાડા પેટે જતી રકમ પણ બચે અને કાયમી ધોરણે આંગણવાડીઓની સુવિધા પણ મળી રહે.

# બાલાસિનોરની વિદ્યામંદિરના ગેટ ઉપરના વૃક્ષોના વેલા બાળકો પાસે ઉતારાવાયા

બાલાસિનોર,
બાલાસિનોરની મો.ના.વિદ્યામંદિરના ગેટ ઉપર વૃક્ષોના વેલા લટકતા બાળકને ગેટ ઉપર લટકાવી સફાઈ કરાવતા શિક્ષકોની કામગીરી અને લાપરવાહ સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે. ત્યારે જો કોઈ બાળકને ગેટ ઉપરથી પડી જવાથી ગંભીર ઈજાઓ થાય તો જવાબદારી કોણ લેશે...? તેવા સવાલો ઉભા થયા છે. ત્યારે શાળા સંચાલકો સામે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવી તેવી માંગ ઉઠવા પામી છે.

બાલાસિનોર નગરમાં પ્રાથમિક વિભાગ દ્વારા ચાલતી મો.ના.વિદ્યામંદિર શાળા આવેલી છે. જેમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પરંતુ શાળામાં સ્વચ્છતાંના નામે મીંડુ જોવા મળી રહ્યુ છે. શાળાઓમાં શિક્ષકો દ્વારા બાળકોને સ્વચ્છતાંનો પાઠ ભણાવવામાં આવે છે જેના બદલે ઉલ્ટુ ચિત્ર બાલાસિનોરની મો.ના.વિદ્યામંદિરમાં જોવા મળી રહ્યુ છે.એક બાજુ રાજય સરકાર સ્વચ્છતા અભિયાનના નામે મસમોટી ગુલબાંગો હાકી રહી છે અને કરોડો રૂપિયાની ગ્રાન્ટો સ્વચ્છતાંના નામે ફળવાય છે અને વેડફાય છે ત્યારે બાલાસિનોરની મો.ના.વિદ્યામંદિરના ગેટ પરથી બાળકો પાસે જોખમી રીતે વૃક્ષોના વેલા ઉતારતા જોવા મળ્યા છે. શાળામાં થતી ગંદકી જીવના જોખમે બાળકો પાસે સાફ કરાવાતા વાલીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. ત્યારે જો કોઈ બાળક ગેટ ઉપરથી પડી જાય અને ગંભીર થાય તો જવાબદારી કોની ? જેવા અનેક સવાલો ઉભા થયા છે.પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતાંની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તો આ ગ્રાન્ટનુ શુ થાય છે ? તેવા સવાલો પણ નગરજનો કરી રહ્યા છે. ત્યારે શિક્ષણ મંત્રીના જ જિલ્લામાં વિદ્યાર્થીઓ પાસે કામ કરાવાતા ચર્ચાનો વિષય બન્યો છે. આ બાબતે તંત્ર દ્વારા શાળા સંચાલકો તથા જવાબદારો સામે કડક કાર્યવાહી હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે.

# ખેડા જીલ્લામાં યોજાશે ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ

# ૬ થી ૧૪ વર્ષ સુધીના વિદ્યાથીઓ-વિદ્યાર્થીનીઓ આ વર્કશોપમાં ભાગ લઈ શકશે

નડીઆદ,
ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તારીખ ૦૫ ઓક્ટોબર, ૨૦૨૪ સુધીમાં જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, મરીડા ભાગોળ, નડીઆદ ખાતેથી ફોર્મ લઈ જમા કરાવવાનું રહેશે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, અમદાવાદ દ્વારા આયોજીત તથા જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ખેડા નડીઆદ દ્વારા સંચાલિત ચિલ્ડ્રન પેઈન્ટિંદગ વર્કશોપ ખેડા જીલ્લા ખાતે યોજાનાર છે.

આ વર્કશોપનો હેતુ બાળકો પેઈન્ટીંગ વિશે વિષેશ જાણકારી મેળવે, બાળકોની ચિત્રકલામાં રૂચી વિકસે અને તેઓને ચિત્રકલાના વિવિધ માદયમોની જાણકારી મળે, આ હેતુને ધ્યાને લઈ ઓક્ટોબર માસ (સંભવિત) દરમ્યાન ૬ થી ૧૪ વર્ષ સુધીના વિદ્યાથીઓ/વિદ્યાર્થીનીઓ માટે આ વર્કશોપનું આયોજન થનાર છે. વર્કશોપનું સ્થળ તથા સમય નક્કી થયેથી કચેરી દ્વારા જાણ કરવામાં આવશે.

ખેડા જીલ્લામાંથી ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તારીખ ૦૫/૧૦/૨૦૨૪ સુધીમાં જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, મરીડા ભાગોળ, નડીઆદ, જી. ખેડા ખાતે થી ફોર્મ મેળવી રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલી આપવાનું રહેશે. વધુ માહિતી માટે કચેરી ફોન નં. ૦૨૬૮-૨૫૫૧૨૯૦ અથવા પ્રાત યુવા વિકાસ અધિકારી (૯૭૨૨૨૧૯૭૭૨) નો સંપર્ક કરવાનો રહેશે. તેમ જીલ્લા યુવા વિકાસ અધિકારી, ખેડા-નડીઆદની યાદિમાં જણાવવામાં આવે છે.

# પોષણ માહ ઉજવણી અંતર્ગત મહુધા ઘટકના તમામ આંગણવાડી કાર્યકરની તાલુકા કક્ષાએ જનરલ બેઠક યોજાઈ



નડિયાદ,
પોષણ માહ ઉજવણી અંતર્ગત મહુધા ઘટકના તમામ આંગણવાડી કાર્યકરની તાલુકા કક્ષાએ જનરલ બેઠક યોજાઈ. જેમાં આંગણવાડી બહેનોને એનિમીયા, પૌષ્ટિક આહાર, આઈસીડીએસની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ઉપરાંત આંગણવાડી કાર્યકર દ્વારા બનાવેલ વાનગીનું નિદર્શન કરવામાં આવ્યું.

બેઠકમાં આઈસીડીએસ, આરબીએસકે, મુખ્ય સેવિકા સહિત અધિકારીઓ-કર્મચારીઓ અને આંગણવાડી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં કપડવંજ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો



નડિયાદ,
જીલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવની અદયક્ષતામાં કપડવંજ મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જીલ્લા કલેકટરએ નાગરિકોના વિવિધ પ્રશ્નો બાબતે ચર્ચા કરી સંબંધિત વિભાગોને આ પ્રશ્નનોના સત્વરે નિરાકરણ માટે કામગીરી કરવા સૂચના આપી હતી.

આ કાર્યક્રમમાં કપડવંજ પ્રાંત અધિકારી અનિલ ગોસ્વામી સહિત સંબંધિત વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ અંતર્ગત જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સફાઈ કામદારોની આરોગ્ય તપાસ કરવામાં આવી



નડિયાદ,
સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ અન્વયે તા. ૨૫.૦૯.૨૦૨૪નાં રોજ જીલ્લાના તમામ તાલુકા કક્ષાએ સફાઈ કામદારો માટે આરોગ્ય તપાસ કેમ્પ યોજવામાં આવ્યો હતો. કુલ ૧૧ સ્થળોએ યોજાયેલ આરોગ્ય તપાસ કેમ્પમા નગરપાલિકા, ગ્રામ પંચાયત તેમજ વિવિધ કચેરીઓ ખાતે ફરજ બજાવતા સફાઈ કામદારોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.

આ કેમ્પોમાં કુલ ૬૭૩ લાભાર્થીઓએ લાભ લીધેલ, જેમાં ડાયાબીટીસ,બ્લડ પ્રેસર તેમજ અન્ય રોગ અંગેની ચકાસણી હાથ ધરવામાં આવી. આ પૈકી કુલ ૩૦ લાભાર્થીઓને વધુ સારવાર માટે રેફરલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા. કેમ્પમાં હાજર રહેલ લાભાર્થીઓને સ્વરક્ષણ માટે હેન્ડ ગ્લોઝ તેમજ માસ્કનું વિતરણ કરવામાં આવ્યુ. સાથે જ વિવિધ રોગોના નિદાન, સારવાર બાબતે વિવિધ આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ દ્વારા પ્રચાર-પ્રસાર કરી માહિતગાર કરવામાં આવ્યા તેમ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, ખેડા જીલ્લા પંચાયત, નડીઆદ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ કોઈ શુભ દિવસ છે અને નવા ધંધા માટે નવી યોજનાઓ બનશે. આજે તમે તમારા દેવાની ચૂકવણી કરવામાં લાભ મેળવશો. સંતાન તરફથી તમને સંપૂર્ણ આનંદ અને સહયોગ મળશે.

વૃષભ: આજે દરેક બાબતમાં તમારા થોડું સાવધાન રહેવાની જરૂર છે. વ્યવસાયમાં કોઈ સોદો કરતા પહેલા તમામ પાસાં તપાસો. શક્તિમાં વધારો થવાના સંકેતો છે.

મિથુન: આજનો દિવસ શુભ દિવસ છે અને આજે બનાવેલું કામ પૂર્ણ થશે અને શુભ પરિણામ પ્રાપ્ત થશે. જો તમે કોઈ કામ માટે યાત્રા પર જાઓ છો તો તેમાં ફાયદો થશે અને તમારો હેતુ પૂરો થશે. કોઈ પણ કાર્ય કાળજીથી કરો.

કર્ક: આજે તમને જોઈતું કામ કરવાની તક મળશે. જો તમે આ સમયે ઘરેથી કામ કરી રહ્યા છો, તો તમારા બધા કામમાં તમને લાભ મળશે. ઉત્કૃષ્ટ ચંદ્ર તમને અચાનક આજે કોઈ મહાન અધિકારીને મળવા માટે મદદ કરી શકે છે.

સિંહ: આજે તમને રોકાણમાં નુકસાન થઈ શકે છે, તેથી ગમે ત્યાં પૈસાની લાલચ આપતા પહેલા એકવાર વિચાર કરો. ભૌતિક સુખનાં માધ્યમોમાં વધારો થશે.

કન્યા: આજે તમારો દિવસ છે તે શુભ છે અને જો તમને ગ્રહોની શુભ દશા મળશે તો ખરાબ કાર્યો થશે. આજે તમને ઓફિસમાં સહયોગીઓની મદદ મળશે. પૈસા મળવાથી ભંડોળ વધશે અને રોજગાર મેળવતા લોકોના હક વધશે.

તુલા: આજના દિવસે તમે તમારા મનને કેન્દ્રિત કરીને તમારા અધૂરા કાર્યોને પતાવટ કરવાનો પ્રયાસ કરશો અને તેમાં સફળતા મળશે. પૂજા અને સત્સંગમાં તમારી રુચિ વધશે.

વૃશ્ચિક: આજનો દિવસ વિશેષ છે અને તમને આનંદદાયક પરિણામ મળશે. બિનજરૂરી વિવાદથી મુક્તિ મળશે. તમારા ખર્ચ ઘટાડીને તમારી અર્થવ્યવસ્થા મજબૂત થશે. આજે તમને વાહનની ખરીદી કરી શકો છો.

ધન: આજે ગ્રહોની રાશિ પર તમારી ખાસ કૃપા છે. આજે ભૌતિક સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. સબંધીઓ સાથે આત્મીયતા વધશે અને તમારા સંબંધોમાં સુધાર થશે.

મકર: આજનો શુભ તમને કોઈ સારા સમાચાર સાંભળી શકે છે. મિત્રો અને સ્વજનો તરફથી કોઈ શુભ સમાચાર મળતાં મન પ્રસન્ન રહેશે અને આનંદ થશે. ધાર્મિક કાર્યોમાં વધુ રસ રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને આજે તમને વૃદ્ધ મિત્રોની મદદથી ક્ષેત્રમાં સુસંગતતા મળશે. ડહાપણથી લીધેલા નિર્ણયો લાભ આપશે અને આજે તમારું મન ભગવાનની ભક્તિમાં વ્યસ્ત રહેશે. તમારા પ્રયત્નો અને આત્મવિશ્વાસ વધશે.

મીન: આજે પૈસા વધુ ખર્ચ થશે. જો તમે કોઈ બાંધકામના કામમાં રોકાયેલા છો તો આજે તેના પર વધુ પૈસા ખર્ચ થશે. આ સમયે તમારે પૈસાના ખર્ચ પર થોડું નિયંત્રણ રાખવાની જરૂર છે અને ભવિષ્ય માટે કેટલાક પૈસા બચાવવાની જરૂર છે. આજે તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.

# સેવામાં નિષ્કામ ભાવ જરૂરી સદગુરૂ માતા સુદિક્ષા જીમહારાજ

દિલ્હી, સપ્ટેમ્બર ૨૫, ૨૦૨૪ નારોજ હરિજન સેવક સંઘ દ્વારા આયોજીત ૯૨ માં સ્થાપના દિવસે ‘‘સદ્ભાવના સંમેલન’’માં આશીર્વાદ પ્રદાન કરતા સદગુરૂ માતા સુદિક્ષા જીમહારાજ એ કહ્યુ કે ‘‘ માનવ સાચા અર્થમાં ત્યારે જ માણસ બને છે, જયારે તે બધા જ ભેદભાવ થી ઉપર ઉઠીને બધા મા પરમાત્માનુ રૂપ સમજીને નિષ્કામ ભાવ થી બધાની સેવા કરે’’ આ અવસર પર હરિજન સેવક સંઘ ના અધ્યક્ષ ડોક્ટર શંકર કુમાર સાનયાલ તેમજ ઉપ પ્રધાન નરેશ યાદવજી એ સદગુરૂ માતા સુદિક્ષા જીમહારાજ તેમજ નિરંકારી રાજ પિતા રમિતજીને સુતરનો દુપટ્ટા ભેટ કરી સ્વાગત કર્યુ હતું. આપણા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપવા મા આ ધરોહર નો સ્થાપના દિવસએ એ મહાત્મા ગાંધીજી પેરણારૂપ સંકેત છે. આ પ્રસંગે ચરખા પણ સ્મૃતિ રૂપ મા સદગુરૂ માતાજી સેવક સંઘ તરફ થી સમર્પિત કર્યો હતો.આ અવસર પર જયા હરિજન સેવક સંઘના વિદ્યાર્થીઓ સ્વાગત ગીત અને તેમજ સરસ્વતી વંદના કરી હતી. સાથે નિરંકારી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મ્યુઝિક એન્ડ આર્ટ (નીમા) ના બાળકો દ્વારા ગાંધીજીનું પ્રિય ભજન ‘‘ વૈષ્ણવ જન તો તેને કહીએ’’ તે ઉપરાંત ભકિત ગીતોનું મધુર ગીત પણ કરવા આવ્યું. સેવક સંઘના અધ્યક્ષ સાનયાલ એ ગાંધીજી અને કસતૂર બા ના માર્ગદર્શનને ઉજાગર કર્યા સાથે સાથે નિરંકારી મિશનની વિચાર ધારા ‘‘વસુધૈવ કુટુંબ’’ની વિશ્વ ભાઈ ચારાનીભાવના માટે સદગુરૂ માતાજી નો ધન્યવાદ કર્યો. કહ્યું કે, સમાજ ઉત્થાન ના અવિરત પ્રયાસ માટે સદગુરૂ માતાજીને ધન્યવાદ કરી ખૂબ ખૂબ પ્રશંસા કરી હતી. આ અવસર પર નિરંકારી રાજ પિતા રમિત જી પણ આશીર્વાદ આપતા કહ્યુ હતુ કે ‘‘ સદગુરૂની કૃપા થી પરમાત્માની પ્રાપ્તિ થયા બાદ મનુષ્ય બધાના દર્દને પોતાનુ દર્દ સમજવાનું અહેસાસ કરે છે અને એજ ભાવ થી અહંકાર રહિત સેવા કરતા રહે છે. કાર્યક્રમના અંત મા સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશનના સચિવ, જોગિનદર સુખિજા ધન્યવાદ આભાર વ્યક્ત કરતા કહ્યું કે, હરિજન સેવક સંઘ મા પૂરા ભારત માંથી હાજર રહેલા તમામ સભ્યો તેમજ વિશિષ્ટ મહાનુભવનો આભાર માન્યો હતો અને આગામી નવેમ્બર માસ મા ‘‘ ૭૭ મા વાર્ષિક નિરંકારી સંત સમાગમ મા આમંત્રણ આપ્યું હુ.ઉપરોકત તમામ માહિતિ નિરંકારી મિશન બ્રાન્ચ હાલોલ ના સંયોજક સતિષ ભાઈ દ્વારા પ્રાપ્ત થઈ રહી છે.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# સીંગવડના તોયણી ગામના આચાર્ય સામે ભારે રોષ આરોપીને ફાંસીની સજાની માંગ સાથે આવેદન આપવામાં આવ્યું

દાહોદ,

દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકામાં આવેલ તોયણી પ્રાથમીક શાળામાં આચાર્ય દ્વારા ધોરણ ૦૧માં અભ્યાસ કરતી ૦૬ વર્ષિય માસુમ બાળા સાથે શારિરીક અડપગલાનો પ્રયાસ કરી માસુમ બાળકીનું મો દબાવી મોતને ઘાટ ઉતાર્યાના બનાવને પગલે સમગ્ર ગુજરાતની સાથે સાથે દાહોદ જીલ્લામાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે દાહોદ જીલ્લામાં વિવિધ સંગઠનો, સમાજના લોકો, રાજકીય પાર્ટી વિગેરે દ્વારા આ મામલે ભારે વિરોધ સાથે આક્રોશ દર્શાવી જીલ્લામાં તમામ સ્થળોએ લાગતા વળગતા તંત્રને આવેદનપત્ર આપી આરોપી આચાર્યને સખ્તમાં સખ્ત સજા તેમજ ફાંસીની સજાની



માંગ કરવામાં આવી છે. ત્યારે દાહોદ જીલ્લાના પુર્વ કોંગ્રેસના સાંસદ ડૉ. પ્રભાબેન તાવીયાડ દ્વારા દાહોદ જીલ્લાના સાંસદ જસવંતસિંહ ભાભોર પર આ બનાવને પગલે ભારે આક્રોશ વ્યકત કરી સાંસદ તેમજ ભાજપ સરકાર પર આકરા પ્રહારો પણ કર્યા હતા.સીંગવડની તોયણી પ્રાથમીક શાળામાં ધોરણ ૦૧માં અભ્યાસ કરતી માસુમ ૦૬ વર્ષિય બાળકીને શાળાના આચાર્ય ગોવિંદ નટ દ્વારા પોતાની ફોર વ્હીલર ગાડીમાં બાળકી સાથે શારિરીક અડપગલા કરી માસુમ બાળકીનું મો દબાવી મો દબાવી મોતને ઘાટ ઉતારી દીધી હતી. ત્યારે પોલીસે સઘન તપાસનો ધમધમાટ આરંભ કરી બનાવ બાદ ગણતરીના દિવસોમાં આરોપી આચાર્ય ગોવિંદ નટની અટકાયત કરી જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યો છે. ત્યારે આ બનાવને પગલે દાહોદ જીલ્લાવાસીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જીલ્લામાં ઠેર ઠેર સંબંધિત તંત્રને આવેદનપત્ર પાઠવી આરોપીને સખ્તમાં સખ્ત તેમજ ફાંસીની સજાની માંગણી કરવામાં આવી રહી છે. દાહોદ જીલ્લાના પુર્વ કોંગ્રેસના સાંસદ ડૉ. પ્રભાબેન તાવીયાડ દ્વારા ભાજપના દાહોદ જીલ્લાના સાંસદ જસવંતસિંહ ભાભોર પર આકરા પ્રહારો કર્યા હતા અને તેમને જણાવ્યું હતું કે, સાંસદ જસવંતસિંહ ભાભોરના નિવાસ સ્થાનેથી થોડે દુર આ તોયણી પ્રાથમીક શાળા આવેલ છે. તેમ છતાંય સાંસદ દ્વારા મૃતક બાળકીના પરિવારની મુલાકાત સુધ્ધા કરી નથી. ભાજપના રાજમાં આરોપીઓ બેફામ બની રહ્યાં હોવાના આક્ષેપો પણ ડૉ. પ્રભાબેન તાવીયાડ દ્વારા કરવામાં આવ્યાં હતાં. ભાજપના રાજમાં આવા આરોપીઓને ખુલ્લુ મેદાન મળી રહ્યું હોવાનું પણ જણાવ્યું હતું. ત્યારે બીજી તરફ કોંગ્રેસના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ દ્વારા પણ જીલ્લામાં ઠેર ઠેર પોત પોતાના વિસ્તારમાં આ મામલે મામલતદાર, પ્રાંત અધિકારી સહિતના સંબંધિત તંત્રને આવેદનપત્ર આપી પોતાનો રોષ ઠાલવ્યો હતો. આદિવાસી સમાજ, સંગઠનો, તાલુકા, જીલ્લાના ગ્રામજનો વિગેરે લોકોએ આવેદનપત્ર આપ્યું હતું.

# દાહોદ શહેર સહિત જીલ્લામાં વરસાદને લઈ નવરાત્રીમાં ગરબા આયોજકોમાં ચિંતાના વાદળો

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં છેલ્લા બે દિવસથી વાવાઝોડા સાથે વરસાદ પડી રહ્યો ત્યારે આગામી તારીખ ૩ ઓક્ટોમ્બરના રોજથી શરૂ થનાર માં આદ્યશક્તિના ગરબાની તૈયારીઓમાં દાહોદના ગરબા મંડળો દ્વારા તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. ત્યારે વાવાઝોડાને પગલે વરસાદ વરસતા ગરબા આયોજકોમાં ચિંતાના વાદળો પણ જોવા મળી રહ્યાં છે. આ વર્ષે ભાદરવો ભરપુર રહેતા ગરબા અને નવરાત્રીમાં પણ રમવાનું નહીં પણ ભીંજાવાનું.. ના પોસ્ટરો સાથે અંબાલાલની આગાહીના મેસેજો પણ સોશિયલ મીડીયામાં ભારે વાઈરલ થઈ રહ્યાં છે.



ભાદરવો ભરપુર રહેતાં દાહોદ શહેર સહિત જીલ્લામાં આ વર્ષે મેઘરાજાએ મન મુકીને વરસતા તમામ જળાશયો વરસાદી પાણીથી ભરાઈ ગયાં છે. ત્યારે દાહોદમાં છેલ્લા બે દિવસથી પવનના ભારે સુસવાટા તેમજ વાવાઝોડાની સાથે વરસાદ પડતાં દાહોદ શહેર સહિત જીલ્લામાં કાચા મકાનો, પતરાવાળા મકાનો, વિવિધ સ્થળોએ લાગેલ મોટા બેનરો ઉડી જવાની સાથે સાથે ઘણા સ્થળોએ વૃક્ષો પણ ધરાશાહી થઈ જવાના બનાવો બનવા પામ્યાં છે. છેલ્લા ઘણા દિવસોથી અસહ્ય ગરમી તેમજ બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં હતા. ત્યારે વાવાઝોડાની સાથે વરસતા વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી તો બીજી તરફ આવનાર નવરાત્રિના તહેવારને લઈ હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે દાહોદ શહેર સહિત જીલ્લામાં ગરબા આયોજકો દ્વારા તૈયારીઓ પણ આરંભ કરી દેવામાં આવી છે, પરંતુ આ વખતે નવરાત્રીમાં પણ વરસાદ પડશેના અંબાલાલ પટેલની આગાહીને પગલે સોશિયલ મીડીયામાં વિવિધ મેસેજો પણ વાઈરલ થઈ રહ્યાં છે. નવરાત્રિમાં મેઘરાજા મહેરબાન રહેશે, તેવી ચિંતા સાથે ગરબા આયોજકો તેમજ ખેલૈયાઓમાં ચિંતાના વાદળો જોવા મળી રહ્યાં છે. આજરોજ પણ સાંજના ચારેક વાગ્યાના આસપાસ વાવાઝોડાની સાથે ૭૦ કિલો મીટર પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડાની સાથે વરસાદ વરસતા દાહોદમાં તમામ સ્થળોએ વરસાદી પાણી છવાઈ ગયાં હતાં.

# ભારે પવન અને વરસાદના કારણે દાહોદ ગરબાડા રોડ જેશાવાડા રોડ ઝાલોદ મુખ્ય માર્ગે ઝાડ પડી જતા યુધ્ધના ધોરણે હટાવી રસ્તો ખુલ્લો કરતું સામાજીક વનીકરણ વિભાગ દાહોદ

દાહોદ,

દાહોદ જીલ્લામાં મોડી રાત્રે ભારે પવન અને વરસાદને કારણે દાહોદ જેશાવાડા મુખ્ય માર્ગ ગરબાડા રોડ, ઝાલોદ રોડ રાબડાલ રોડ ઉપર ઝાડપડવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતા વન વિભાગના અધિકારી, તેમની ટીમો દ્વારા ઝાડ હટાવવાની કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. વાહન વ્યવહારને કોઈપણ પ્રકારની અસર ન થાય તેની પુરેપુરી તકેદારી રાખી આ માર્ગ યુદ્ધના ધોરણે ખુલ્લો કરવામાં આવ્યો હતો.



# દાહોદ ભાજપ કાર્યાલય ખાતે દિનદયાળ ઉપાધ્યાય જન્મ જંયતિની ઉજવણી કરાઈ



દાહોદ,

દાહોદ ભાજપ કાર્યાલય ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી. પંડિત દીનદયાળ ઉપાધ્યાયનો જન્મ ૨૫ સપ્ટેમ્બર ૧૯૧૬ માં ધનકિયા નામના ગામ જે જયપુર અજમેર રેલવે લાઈનની પાસે આવેલું હતું. કાર્યાલયના સમસ્ત સ્ટાફ દ્વારા પુષ્પો અર્પણ કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા મલખંમ આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના શારિરીક શિક્ષણ અને રમત-ગમત વિભાગ દ્વારા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ની મલખંમ આંતર કોલેજ સ્પર્ધાનું તા.૨૪-૦૯-૨૦૨૪ ને બુધવારના રોજ આયોજન કરવામાં આવેલ હતું. મલખંમ આંતર કોલેજ સ્પર્ધામાં યુનિવર્સિટી પ્રતિનિધિ તરીકે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના ઈસી મેમ્બર યોગેન્દ્રસિંહ ચૌહાણની પ્રેરક ઉપસ્થિત હતી. સ્પર્ધાના જજીસ તરીકે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના MOU પાર્ટનર ગુજરાત સ્ટેટ મલખંમ એસોસિએશનના મંત્રી રાહુલ ચોકસી અને મલખંમ ફેડરેશન ઑફ ઈન્ડિયાના સહમંત્રી સંગીતા ચોકસી મદદરૂપ થયેલ હતાં. આ સ્પર્ધામાં ૪ કોલેજના ૨૧ ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધામાં ટીમ ચેમ્પિયન શિપમાં પ્રથમ ક્રમે આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી દ્વિતીય ક્રમે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ અને તૃતીય ક્રમે જે એંડ આર બી.એડ. કોલેજ, દાહોદ જયારે વ્યકિતગત ચેમ્પિયનશિપનું પરિણામ ભાઈઓની સ્પર્ધામાં પ્રથમ ક્રમે કોળી ટીગેશ્વર (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ) દ્વિતીય ક્રમે મોહનિયા જસવંત ( જે એંડ આર બી.એડ. કોલેજ, દાહોદ) તૃતીય ક્રમે પરમાર રવિન્દ્ર (આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી) અને બહેનોની વ્યક્તિગત સ્પર્ધામાં પ્રથમ ક્રમે પાવા રશ્મિકા (આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી) દ્વિતીય ક્રમે ગોહિલ રેખા (આર્ટ્સ અને કોમર્સ કોલેજ, સાવલી) તૃતીય ક્રમે ગીરી સીમરન (નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ) પ્રાપ્ત કરેલ હતા. આ સ્પર્ધાને સફળ રીતે આયોજન કરવા માટે કોલેજના કાર્યકારી આચાર્ય ડો. ગૌરાંગકુમાર ખરાદી એ પૂરતો સહકાર અને પ્રોત્સાહન આપેલ હતો. આ સ્પર્ધાનું સફળ સંચાલન અને આયોજન શારીરિક શિક્ષણ અને રમતગમતના નિયામક ડો.વિ.જે.ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું. આ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને સમગ્ર કોલેજ પરિવાર તરફથી પણ શુભેચ્છાઓ પાઠવેલ હતી.

# ચલો જ્ઞાન બઢાયે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર એન્ડ એલ પંડ્યા હાઈસ્કૂલ અને એસ.એમ. કુંદાવાલા હાયર સેકન્ડરી સ્કુલ દાહોદ અને કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દાહોદ ડિસ્ટ્રિક્ટના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓના જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય તે ઉમદા હેતુથી વાર્ષિક ક્વિઝ સ્પર્ધા ૨૦૨૪ ''ચલો જ્ઞાન બઢાયે''નું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રિલિમ રાઉન્ડમાં કુલ ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યારબાદ વધુ માર્ક્સ ધરાવતા પ્રત્યેક ધોરણ માંથી એક એક એમ કુલ ચાર વિદ્યાર્થીઓની ચાર ટીમ બનાવવામાં આવી. ચાર ટીમના નામ આલ્ફા, બીટા, ગામા અને ડેલ્ટા આપવામાં આવ્યા. આ ક્વિઝ સ્પર્ધામાં કુલ ચાર રાઉન્ડ જેમાં પ્રથમ રાઉન્ડ ટેસ્ટિંગ ટાઈમ બીજો રાઉન્ડ પિક્ચર પરફેક્ટ ત્રીજો રાઉન્ડ ચુઝ યોર કાર્ડ ચોથો રાઉન્ડ ફાસ્ટ એન્ડ ફિયરલેસ રાખવામાં આવ્યા હતા. આ ક્વિઝ સ્પર્ધા માં ટીમ ડેલ્ટાના વિદ્યાર્થીઓ (૧)ચૌહાણ પ્રિન્સ ધો-૧૨(૨) પરમાર નીવ ધો-૧૧(૩) કૂં મહાવર ક્રિષ્ના ધો-૧૦ (૪) સોલંકી કૌશિક ધો-૯ વિજેતા થયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ઉમંગભાઈ દરજી અને પ્રોત્સાહક અને પ્રેરક સંચાલન કમલેશભાઈ લીમ્બાચીયા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય નિતીક્ષાબેન પટેલ દ્વારા નિર્ણાયકની ભૂમિકા ભજવી નિર્ણય આપવામાં આવ્યો હતો. વિજેતા ટીમને કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દાહોદના કોમ્યુનિકેટર અભિષેકભાઈ વાસ અને અલીભાઈ વોહરા દ્વારા ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભાગ લીધેલ બાકીની ત્રણેય ટીમને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના શિક્ષક મિત્રોએ પણ ઉત્સાહથી સહકાર આપી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગરબાડા તાલુકાના સાહડા ગ્રામ પંચાયત ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન ૨૦૨૪ અંતર્ગત સફાઈ કરાઈ




ગરબાડા,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે સ્વચ્છ ભારત મિશનના ૧૦મા વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં ''સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અભિયાનનું આહ્વાન કર્યું છે. ત્યારે ''સ્વચ્છતા હી સેવા અભિયાન ૨૦૨૪ : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અંતર્ગત દાહોદ જીલ્લામા વિવિધ તાલુકાઓમાં શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે. ગરબાડા તાલુકાના સાહડા ગ્રામ પંચાયત ખાતે સ્વચ્છતા હી સેવા અભિયાન ૨૦૨૪ અંતર્ગત મંદિર, જાહેર રસ્તાઓમાં સફાઈ કરવામાં આવી તેમજ સ્વચ્છતા વિશે માહિતી આપવામાં આવી તથા પ્રદુષણ વિશે સમજણ આપી હતી. ઉપરાંત ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પ્રયત્ન કરવા આહ્વાન કરવામાં આવ્યુ હતુ. શહેર અને ગ્રામ્ય વિસ્તાર સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળું બને, રોગચાળા મુક્ત બને તે બાબતે સહિયારી જવાબદારી સાથે સ્વચ્છાગ્રહી બનવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# આઈ.પી.મીશન સ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા બસ સ્ટેશનમાં વોલ પેઈન્ટિંગ કરી સ્વચ્છતા અંગે સંદેશો પાઠવ્યો

દાહોદ,

આજરોજ સ્વચ્છતા હી સેવા સંસ્કાર સ્વચ્છતા સ્વભાવ સ્વચ્છતા કેમ્પેન ૨૦૨૪ અંતર્ગત આઈ.પી. મિશન સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વોલ પેઈન્ટિંગનો કાર્યક્રમ કરવામાં આવી અને મુસાફર જનતાને તેમજ નિગમના કર્મચારીઓને સ્વચ્છતા નો સંદેશો પાઠવવામાં આવેલ હતો. ડેપો મેનેજર નિલેશ મુનિયા દ્વારા પણ સુંદર સાથ સહકાર આપી સ્કૂલના બાળકોનું પ્રોત્સાહન વધારતા તેમના સાથે સ્વચ્છતા હી સેવા કેમ્પેઈનમા જોડાયા હતા.



# લીમખેડાના વલુન્ડી ગામે હાઈવે રોડ ઉપર આઈસર ટ્રક માંથી ૧ લાખ ઉપરાંતના ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામે એક બંધ મકાનને તસ્કરોએ હાથફેરો કરી સોના ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપીયા ૨ લાખ મળી કુલ રૂા.૪,૭૧,૫૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં તસ્કરોના આતંકને પગલે પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે.દાહોદ જીલ્લામાં દિનપ્રતિદિનિ ગુન્હાઓ વધી રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે. મર્ડર, ચોરી, લુંટ, ઘરફોડ ચોરી, વાહન ચોરી, વિદેશી દારૂની હેરાફેરી વિગેરે જેવા અનેક ગુન્હાઓ પોલીસના ચોપડે નોંધાંઈ રહ્યાં છે. ત્યારે બીજી તરફ દાહોદ શહેર સહિત જીલ્લામાં છેલ્લા ઘણા સમયથી તસ્કરો તેમજ લુંટારૂઓને મોકળુ મેદાન મળ્યું હોય તેમ લાગી રહ્યું છે. ચોરીનો વધુ એક બનાવ દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામેથી સામે આવ્યો છે. જેમાં ગલાલીયાવાડ ગામે નિશાળ ફળિયામાં રહેતાં અર્જુનસીંગ જવરસીંગ ભુરીયાના બંધ મકાનને તસ્કરોએ ગત તા.૨૩મી સપ્ટેમ્બરના રોજ રાત્રીના એકાદ વાગ્યાના આસપાસ નિશાન બનાવ્યું હતું અને મકાનના મુખ્ય કરવાજાને લાગેલ તાળુ તોડી તસ્કરોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો. મકાનમાં મુકી રાખેલ તિજોરી અંદર મુકી રાખેલ સોનાની બંગડી નંગ.૪, સોનાનો સેટ નં.૨, ચાંદીના છડા, ઝાંઝર, ચાંદીનો કંદોરો, સોનાની બુટ્ટી નંગ.૧ તેમજ રોકડા રૂપીયા ૨ લાખ મળી તસ્કરોએ કુલ રૂા.૪,૭૧,૫૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો અંધારાનો લાભ લઈ નાસી ગયાં હતાં. પોતાના ઘરમાં ચોરી થઈ હોવાનં ઉપરોક્ત મકાન માલિકને જાણ થતાં વહેલી સવાર પોતાના ઘરે આવી પહોંચ્યાં હતાં. જ્યાં મકાનમાં સરસામાન વેર વિખેર હાલતમાં નજરે પડ્યો હતો. અને પોતાના ઘરમાં ઉપરોક્ત મત્તાની ચોરી થઈ હોવાનું જણાતાં આ સંબંધે અર્જુનસીંગ જવરસીંગ ભુરીયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયા શહેરમાં મેલેરીયા શાખાના કર્મીઓ દ્વારા મેડીસ નામના મચ્છરનો ઉપદ્રવ ના વધે તેની તજવીજ હાથ ધરી



દે.બારીયા,

સ્વાસ્થ્ય વિભાગના મેલેરીયા શાખાના કર્મીઓ તા.૨૫/૦૯/૨૦૨૪ના બુધવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે રેટીયાપોળ, તાડફળીયા તથા કસ્બામાંના ઘરોમાંની વપરાશમાં લેવાતા ટાંકી, પીપડા તથા મોટા ટાંકાઓમાં મચ્છરોનું ઉપદ્રવમાં વધારો ના થાય તે માટે લીકવીડના સ્વરૂપે બે બોટલો માંથી બે-ત્રણ બોટલના ઢાંકણોમાં દવા લઈને ટાંકાઓના પાણીમાં અને પીપડા અને સંગ્રહતા પાણીમાં નાખી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા તાલુકાના મેલેરીયા શાખાના કર્મી આજરોજ ડેન્ગ્યુ તથા મેલેરીયાના ફેલાવતા મેડીસ માદા મચ્છરનો ઉપદ્રવમાં ઘટાડો થાય અને જે આ રોગ ફેલાવતો મેડીસ મચ્છર નાશ પામે તેને લઈને ટાંકી, બોટલ તથા આસપાસ એકઠું થતું પાણીમાં લીકવીડના સ્વરૂપે દવાના બે ઢાંકણ નાખવામાં આવ્યા હતા. મેલેરીયા અને ડેન્ગ્યુનો જીવલેણ રોગ બિમારીને આપણે નાબુદ કરવાનો જનતાને પણ સાવચેત રહેવાની જરૂર છે. આસપાસ ટાયરો તથા ખાડા-ખાબોચીયાઓમાં પાણીનુંસંગ્રહ ના થાય તેની તકેદારી પણ આપણા ઉપર આવે છે. મેલેરીયા શાખા અગાઉ લીકવીડના સ્વરૂપે જે પંપના અસરકારક હતી. કારણ કે, ખુલ્લી ગટરોના અને સંધ્યાકાળે જે મચ્છરોના ટોળા બહાર નિકળતા હોય છે. તેને ફોંગીગ મશીન દ્વારા નાશ કરવામાં આવે તો આ મેડીસ માદા મચ્છર નેસ્ત નાબૂદ થવા પામશે.

# ઝાલોદ કસ્બા વિસ્તારમાં ૨૦ કિલો ગૌમાંસ પકડાયુ : એક આરોપીને પોલીસે ઝડપી પાડયો

ઝાલોદ,

ઝાલોદ પોલીસ ૨૪-૦૯-૨૦૨૪ ના રોજ નગરમાં પેટ્રોલીંગમા હતી તે દરમ્યાન અંદાજીત સવારના ૭:૩૦ કલાકે પોલીસને બાતમી મળેલ હતી કે ઝાલોદ કસ્બા ફળિયામાં હુસૈની ચોકમા તોસીફ ઈબ્રાહીમ ભઠીયારાના મકાનમાં આરોપી ગેરકાયદેસર રીતે વગર પરમીટે ગૌમાંસ વેચી રહેલ છે. તેના આધારે ઝાલોદ પોલીસ ત્યાં પહોંચી તપાસ કરતા પોલીસને શકમંદ જણાતો અંદાજીત ૨૦ કિલો જેની કિમત અંદાજીત કિમત ૪૦૦૦ રૂપિયાનો ગૌમાંસ મળી આવેલ હતો પોલીસ દ્વારા શંકાસ્પદ જણાતુ માંસ શેનુ છે, તેની તપાસ અર્થે સુરત એફ.એસ.એલ. કચેરી ખાતે મોકલેલ હતો. સુરત એફએસએલ કચેરીએ તપાસ કરતા આ જથ્થો ગૌમાંસ હોવાનું માલુમ પડેલ હતું.પોલીસ દ્વારા



ગેરકાયદેસર રીતે પશુઓ પ્રત્યે ક્રૂરતા અધિનિયમ નોંધી તોસીફ ઈબ્રાહીમ ભઠીયારાની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

જે વ્યકિતના પર ઝાલોદ પોલીસ સ્ટેશનમા ગૌમાંસ અંગેનો ગુનો દાખલ થયેલ છે, તે વ્યકિત નગરમાં દુકાનોમાં પણ વેચતો હતો, તેવું લોકચર્ચામાં જાણવા મળેલ છે. તો આ વ્યકિત કયાં કયાં માસની વેચતો હતો, તે દિશામાં પોલીસ કાર્યવાહી કરે તેવું નગરજનો ઈચ્છી રહેલ છે.

# ગરબાડાના નેશનલ હાઈવે પેટ્રોલ પંપ પાસે બાઈક અને ફોર વ્હીલ વચ્ચે અકસ્માતમાં ઈજાગ્રસ્તને ધારાસભ્ય ૧૦૮ની મદદ હોસ્પિટલ ખસેડયા



ગરબાડા,

અકસ્માતમાં ઈજાગ્રત બાઈક ચાલકને ત્યાંથી પસાર થતા ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરે ૧૦૮ની મદદથી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યો.

ગરબાડા દાહોદ નેશનલ હાઈવે વાહન ચાલકોની ગફલત તેમજ બેદરકારીના કારણે અવારનવાર અકસ્માતો સર્જવાની ઘટનાઓ બનતી હોય છે. જેમાં આજે વધુ એક અકસ્માત સજાવવાની ઘટનાદ પેટ્રોલ પંપ નજીક બની હતી. જેમાં દાહોદ તરફથી આવતી એક ફોરવીલર ગાડીએ બાઈક ચાલકને ટક્કર મારી અકસ્માત કરે ફરાર થયો હતો. જે અકસ્માતમાં બાઈક ચાલકને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તે સમય દરમિયાન ત્યાંથી પસાર થતાં ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરે પોતાનો કાફલો રોકી અકસ્માતમાં ઈજાગ્રસ્ત પામેલા બાઈક ચાલકન સારવાર માટે ૧૦૮ની મદદ સારવાર માટે મોકલવાની હાથ ધરી હતી. અકસ્માતને જાણ પોલીસને કરાતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત કરે ફરાર થનાર વાહન ચાલકને શોધવાની કામગીરી હાથ ધરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.31

